મોડાસા ખાતેની જીઈબીના કર્મચારી ધ્વારા ૯.૮૩ લાખની ઉચાપત કરાતા ખળભળાટ

સ્માર્ટ ડીટેકટીવ એલાઈડ સર્વિસ પ્રાઈવેટ લીમીટેડ કંપનીના કર્મચારી વિરૂધ્ધ ફરીયાદ નોધાઈ

(સમીર બલોચ) મોડાસા, તા.૨૦

અરવલ્લી જિલ્લામાં આવેલી કચેરીઓમાં જાણે ભ્રષ્ટ્રાચારે માઝા મુકી હોય તેમ અવાર નવાર ઉચાપતના કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે પછી તે ઉચાપત સહકારી ક્ષેત્રમાં હોય કે ખાનગી ક્ષેત્રમાં પણ કર્મચારીઓને જાણે કાયદો અને વ્યવસ્થાની કોઈ બીક જ ના હોય તેમ અવાર નવાર ઉચાપતના કિસ્સા પ્રકાશમાં આવી રહયા છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લામાં એટીપી મશીન ધ્વારા લાઈટબીલના પૈસા ઉઘરાવી ભરવા માટેનો કોન્ટ્રાકટ સ્માર્ટ ડીટેકટીવ એલાઈડ સર્વિસ પ્રાઈવેટ લિમીટેડ નામની કંપનીને આપવામાં આવ્યો હતો. પરંતુ જેમાં આ કંપનીના કર્મચારી તરીકે મોડાસા ખાતેની જીઈબી કચેરી ખાતે ભીલોડા તાલુકાના કમલેશભાઈ ગામેતી ફરજ બજાવતા હતા.

આ અરોપી કમલેશ ગામેતી ધ્વારા લાઈટબીલના પૈસા ઉઘરાવી એટીપી મશીન ધ્વારા યુજીવીસીએલ કંપનીમાં જમા કરવાની જગ્યાએ તા ૭-૨-૨૦૧૫ના સમયગાળાથી લઈને તા. ૧૨-૨-૨૦૧૫ના સમયગાળા દરમ્યાન લાઈટબીલના ઉઘરાવેલા રૂપીયા ૯,૮૩,૨૮૨ રૂપિયા પૈકી ૧૪૭૯૦ રૂપિયા એટીપી મશીનમાં જમા રહેવા દઈ અને બાકીના નાણા રૂપીયા ૯,૬૮,૫૯૨ જમા નહી કરાવી ૭,૮૩,૫૯૨ રૂપીયાની કાયમી ઉચાપત કરી તેમજ ૭-૨-૨૦૧૫ થી ૧૬-૨-૨૦૧૫ના સમય દરમ્યાન ૧ લાખ ૮૫ હજાર રૂપીયાની હંગામી ઉચાપત કરી યુજીવીસીએલ સાથે છેતરપીંડી કરતાં ખળભળાટ મચી ગય છે. જે અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોધવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો.

અરવલ્લી જિલ્લાનાં ત્રણ પી.એસ.આઈ.ની આંતરીક બદલીઓ કરાઈ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં ગુનાખોરીની બદીને ડામવા માટે પોલીસ ધ્વારા કમર કસવામાં આવી છે અને જીલ્લામાંથી ક્રાઈમનુ સ્તર ઘટે તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે ત્યારે ગઈકાલે અરવલ્લી જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા ધ્વારા અરવલ્લી જીલ્લાના ત્રણ પી.એસ.આઈ.ની આંતરીક બદલીઓ કરવામાં આવી હતી. જેમાં ધનસુરા ખાતેના પી.એસ.આઈ. રવિભાઈ બારોટને મોડાસા ખાતે રીડર શાખામાં મુકવામાં આવ્યા છે જયારે આર. ટી. ઉદાવતને આંબલીયારા ખાતે મુકવામાં આવ્યા હતા અને અરવલ્લી જિલ્લા એલ.સી.બી.માં ફરજ બજાવતા રાઠોડને ધનસુરા પી.એસ.આઈ. તરીકે મુકવામાં આવ્યા હતા.

પ્રાંતિજમાં મહાકાળી માતાજીનો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજ બસ ડેપો પાસે આવેલ મહાકાળી મંદિરમાં હર્ષોલ્લાસપૂર્વક મહાકાળી માતાજીનો પાટોત્સવ યોજાયો હતો. પ્રાંતિજ ભોઈ સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાકાળી માતાજીના પાટોત્સવમાં મોટી સંખ્યામાં માઈ ભક્તો જોડાયા હતા. ભોઈ સમાજના ભાઈઓએ પોતાના ધંધા રોજગાર બંધ રાખી માતાજીની સેવામાં જોડાઈ ગયા હતા. આયોજકો દ્વારા ભવ્ય પૂજા અર્ચના, રાસ-ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ભોજન પ્રસાદ બાદ મોડી રાત સુધી ભક્તોએ ગરબાની રમઝટ બોલાવી હતી.

પિલુન્દ્રા કેનાલમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજના પિલુંદ્રા ગામની સીમમાં આવેલ કેનાલમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ તરતી હાલતમાં મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. પ્રાંતિજ તાલુકાના પિલુંદ્રા ગામ આવેલ છે. જ્યાંથી પસાર થતી પાણીની કેનાલમાં અંદાજે ૪૫ વર્ષીય અજાણ્યા યુવાનનો મૃતદેહ તરતી હાલતમાં સિંચાઈ ઈન્ચાર્જ વિનુભાઈ પટેલને નજરે પડ્યો હતો. આથી વિનુભાઈએ તુરંત પોલીસ અને ફાયર ફાયટરની ટીમને જાણ કરી હતી. પરિણામે પોલીસ અને ફાયરની ટીમ તાબડતોડ દોડી આવી મૃતદેહને પાણીમાંથી બહાર લાવી પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો.

૨૦૧૦ના ગરીબ કલ્યાણ મેળામાં ફળવાયેલા પ્લોટ લાભાર્થીઓને હજુ સુધી ન મળતા ભૂખ હડતાળની ચમકી

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૨૦

ગરીબોનો હક ગરીબોને સીધે સીધો મળે તે માટે સરકાર ધ્વારા ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત કરવામાં આવી હતી. આ ગરીબ કલ્યાણ મેળામાંનો એક ગરીબ કલ્યાણ મેળો સને ૨૦૧૦માં હાલના વડાપ્રધાન અને તે સમયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થીતીમાં યોજાયો હતો. એ વખતે નરેન્દ્ર મોદી ધ્વારા મેઘરજમાં ગરીબી રેખા નીચે જીવતા અને જમીન અને મકાન વિહોણા ઉર જેટલા લોકોને મફત પ્લોટ ફાળવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્લોટ ફાળવે આજે પાંચ-પાંચ વર્ષ જેટલો સમય વિતી ગયો હોવા છતા ગરીબ લાભાર્થીઓ ધ્વારા એવો પ્રશ્ન કરવામાં આવી રહયો છે કે શું સરકાર લાભાર્થીઓ મેઘરજ તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત ધ્વારા યાદી બનાવાઈ હતી અને સને ૨૦૧૦માં મોડાસા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં આ ઉર લાભાર્થીઓને પ્લોટ માટે મોડાસા લઈ જવામાં આવ્યા હતા. તે વખતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેજ ઉપરથી આ ઉર લાભાર્થીઓને મફત પ્લોટ ફાળવી આપવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ કમનસીબે આજે પાચ-પાંચ વર્ષ જેટલો સમય વિતિ ગયો હોવા છતાં પણ આ લાભાર્થીઓ સરકારી બાબુઓની એકબીજાની ખો આપવાની નીતીને કારણે હજુ સુધી પ્લોટ મળ્યા નથી અને પાંચ વર્ષથી આ લોકો પ્લોટ લેવા માટે ધરમધકકા ખાઈ રહયા છે. ઓફીસથી ઘર અને ઘરથી ઓફીસ કરીને આ લાભાર્થીઓએ હવે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. જયારે આ લાભાર્થીઓમાંથી ૩ જેટલા લાભાર્થીઓ તો મૃત્યુ પામ્યા છે ત્યારે આ લાભાર્થીઓ ધ્વારા આ બાબતને લઈને મેઘરજ મામલદારને આ અંગે આવેદનપત્ર આપવામાં આવ્યુ છે અને જો મંગળવાર સુધી નિકાલ નહી આવે તો મામલદાર કચેરી ખાતે ભુખ હડતાળ પર બેસવાની ચીમકી ઉચ્ચારી હતી.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ લાભાર્થીઓને હજુ સુધી પ્લોટ ન ફળવાતા આ લાભાર્થીઓ ધ્વારા મેઘરજ મામલદારને આ અંગે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ અને જલ્દીથી આ અંગે યોગ્ય નિકાલ નહી આવે તો મંગળવારના રોજથી ભુખ હડતાળ પર બેસવાની ચીમકી ઉચ્ચારી હતી .

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર સને ૨૦૧૦માં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં તે સમયના તત્કાલીન મુખ્યમત્રી નરેન્દ્ર મોદી ધ્વારા મોડાસા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં મેઘરજના ઉર જેટલા લાભાર્થીઓને મફત પ્લોટ ફાળવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત કરે આજે ૫ વર્ષ જેટલો સમય ગાળો વિતી ગયો હોવા છતા પણ આ ગરીબ લાભાર્થીઓ હજુ સુધી પ્લોટથી વંચિત છે. ત્યારે આ ધ્વારા અમારી મજાક કરવા માટે આ પ્લોટ ફાળવવામાં આવ્યા હતા કે પછી જુઠ્ઠા સપના બતાવવામાં આવ્યા હતા?

મેઘરજ તાલુકો આમ તો પછાત અને આદિવાસી વિસ્તાર છે મેઘરજ ખાતે ૦ થી ૧૬ના સ્કેલમા આવતા

તલાટી આ આગાઉ બે વાર સસ્પેન્ડ થયાની ચર્ચા

મેઘરજના તલાટી જે. એમ. સોલંકી સામે હાલ ઉર લાભાર્થીઓ પાસે સકરાર ધ્વારા ફાળવી આપવામાં આવેલ મફત પ્લોટની સનદો દાખલ કરવા માટે ૫૦૦૦ હજાર રૂપીયાની લાંચ માંગતી હોવાના આક્ષેપ થયા છે ત્યારે આ તલાટી આ અગાઉ પણ પોતાની કાર્યશૈલીને લઈને બે વાર સસ્પેન્ડ થઈ ચુકયા હોવાની પણ લોકોમાં ચર્ચા એ જોર પકડયુ છે. આ અંગે જીલ્લા વિકાસ અધિકારી ધ્વારા યોગ્ય તપાસ કરી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લાભાર્થીઓ ધ્વારા માંગ ઉઠવા પામી છે.

મંગળવાર સુધી ન્યાય નહી મળે તો ભુખ હડતાળ પર બેસીશુ : ગુલામહુસેન લાભાર્થી

પાંચ-પાંચ વર્ષ જેટલો સમય વિતિ ગયો હોવા છતાં પણ આ ઉર જેટલા લાભાર્થીઓ સરકારી અધિકારીઓની એકબીજાની ખો અપાવાની નીતીને લઈને ઓફીસ થી ઘર અને ઘર થી ઓફીસ સુધીના ધરમના ધકકા ખાઈને થાકી ગયા છે. હવે ન છુટકે આ લોકો ધ્વારા મેઘરજના સામાજીક કાર્યકરનો સાથે લઈને આ અંગે મેઘરજ મામલદારને યોગ્ય કરવા માટે આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ. આ અંગે મંગળવાર સુધીનુ અલ્ટીમેટમ આપવામાં આવ્યુ હતુ. જો મંગળવાર સુધી નિકાલ નહી આવે તો મામલદાર કચેરી આગળ ૨૦૦ જેટલા લોકો સાથે અચોકકસ મુદત સુધી ગાંધી ચીધ્યા માર્ગે ભુખ હડતાળ પર બેસવાની ચીમકી ઉચ્ચારી હતી.

તલાટી ધ્વારા પ્લોટ ફાળવી આપવા માટે પાંચ હજારની લાંચ માગવામાં આવતી હોવાનો આક્ષેપ

આજથી પાંચ વર્ષ પહેલા મોડાસા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં સને ૨૦૧૦ માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ધ્વારા સ્ટેજ ઉપરથી ગરીબી રેખા નીચે આવતા ઉર જેટલા લાભાર્થીઓને મફત પ્લોટ ફાળવવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે હાલ ૫ વર્ષ જેટલો સમય વિતી ગયો હોવા છતા આ ગરીબ લાભાર્થીઓને પ્લોટ મળવા પામ્યા નથી. ત્યારે પડતા ઉપર પાટુ વાગ્યુ હોય તેમ આ પ્લોટ મેળવવાની સનદો દાખલ કરવા માટે મેઘરજના તલાટી ધ્વારા ૫૦૦૦ હજાર રૂપીયાની લાંચ માંગવામાં આવતી હોવાનો આક્ષેપ લાભર્થીઓ ધ્વારા કરવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો.

ઊંઝામાં ચૌધરી અને પાટીદારોના જૂથ વચ્ચે હિંસક અથડામણ : સામ-સામે પોલીસ ફરિયાદ

ઊંઝા, તા. ૨૦

ઊંઝા શહેરમાં બે જૂથો વચ્ચે સર્જાયેલ ભારે અજંપાભરી સ્થિતિ દરમિયાન પાલિકાના સદસ્ય પર થયેલ ચૌધરી જ્ઞાતિના કેટલાક ઈસમોએ હૂમલો કરી સોનાનો દોરો તેમજ રોકડ રકમ મળી રૂપિયા ૫૩,૨૦૦ની મત્તાની લૂંટનો ગુનો નોંધાયા બાદ આ સામે મધરાતના સુમારે કેટલાક પાટીદાર સમાજના ઈસમોએ તીક્ષ્ણ હથિયારવડે હૂમલો કરી મોબાઈલ ફોન તેમજ ચાર હજારની રોકડ રકમની લૂંટ ચલાવી હોવાની ફરિયાદ નોંધાતા સામસામે ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાયેલ છે.

ગઈરાત્રે ઊંઝા શહેરમાં અકસ્માતની બાબતમાં પાટીદાર અને ચૌધરી સમાજના કેટલાક ઈસમો વચ્ચે ભારે તંગદિલી પેદા થતાં સામસામે હૂલલાઓ અને લૂંટની ઘટનાઓ બની હતી. જેમાં સૌ પ્રથમ ઊંઝા ખાતે સટ્ટાહોલમાં રહેતા પાલિકાના સદસ્ય અરવિંદભાઈ ઉર્ફે ભૂરો અમૃતલાલ બપોરના સમયે ઊંઝા બસ સ્ટેશનમાં ઉભા હતા. ત્યારે પ્રકાશ ચૌધરી સહિત છ જેટલા ઈસમોએ તું પટેલ છે ? તેવી પુછપરછ કરીને ધોકા વડે હૂમલો કર્યો હતો.

બાદ ગળામાં પહેરેલ રૂપિયા ૪૫ હજારની કિંમતની મત્તાનો સોનાનો દોરો અને રૂપિયા ૮૨૦૦ની રોકડ રકમની લૂંટ ચલાવી હતી. આ બાબતે ઊંઝા પોલીસે ધાડનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ત્યારબાદ મધરાતના સુમારે સામા પક્ષની પણ ધાડ અંગેની પરિયાદ નોંધાઈ હતી. ઊંઝા નજીકના વણાગલા ગામના નાગજીભાઈ કેશાભાઈ ચૌધરી બપોરના સમયે ઊંઝા કન્યા છાત્રાલય પાસે મોબાઈલ રીચાર્જની દુકાન નજીક ઉભા હતા. તે વેળાએ હથિયારો સાથે ધસી આવેલ ટોળા પૈકીના કેટલાક ઈસમોએ તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી ખીસ્સામાંથી મોબાઈલ ફોન તેમજ રૂપિયા ચાર હજારની રોકડ રકમની લૂંટ ચલાવી હોવા અંગે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગોવિંદભાઈ રામજીભાઈ પટેલ ઉર્ફે હાલો, નિશિત અને વિકી જેમનું પુરૂ નામ સરનામું જણાવેલ નથી. સહિત અન્ય ઈસમો વિરૂદ્ધ ધાડનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે. આમ ઊંઝાની ઘટના સંદર્ભે બંને પક્ષોએ સામસામે ફરિયાદો નોંધાવતાં તપાસનો દોર શરૂથયો છે.

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઝીંઝોડી ગામ પાસે તાજેતરમાં થયેલ રૂા. ૬,૫૦,૦૦૦/-ની લુંટના આરોપી ભિલોડા પોલીસે ઝડપી લીધા છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એચ.પી.ઝાલા અને પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ ઝીંઝોડી ગામ પાસે ગાડીમાં હથીયારો સાથે આવી રૂા. ૬,૫૦,૦૦૦/-ની લુંટ ચલાવી ફરાર થયેલ બે આરોપીઓ અને લુંટમાં વપરાયેલ કારની ભિલોડા પોલીસે બાતમીના આધારે મહેસાણાથી કાર જપ્ત કરાઈ હતી. અમદાવાદથી ગાડી ભાડે કરી આવેલ ઝીંઝોડી ગામ પાસે ઈસમોએ વિશાલ રાજેન્દ્રકુમાર વ્યાસ પાસેથી રૂા. ૬,૫૦,૦૦૦/-ની કાર, મોબાઈલ, રોકડ રૂપિયાની લુંટ કરી તાજેતરમાં આરોપી ઈસમો ફરાર થઈ ગયા હતા. આ બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ કરાયો હતો. ભિલોડા પી.એસ.આઈ. એચ.પી.ઝાલાને આ બનાવ સંદર્ભે બાતમી મળતાં મહેસાણાથી રાજુ ઉર્ફે સુનિલ ઠાકોર રહેવાસી. હેબતપુર, તા.દસક્રોઈ, મુકેશભાઈ હરીભાઈ ડામોર, રહેવાસી.પાલદેવલ, રાજસ્થાનના બે ઈસમોની ધરપકડ કરાઈ હતી. ભિલોડા પોલીસે આરોપીઓની પુછપરછ કરતાં બંન્ને આરોપીઓએ ઝીંઝોડી ગામ પાસે થયેલ લુંટની કબુલાત કરી હતી. ભિલોડા પી.એસ.આઈ. એચ.પી.ઝાલા આ બનાવ સંદર્ભે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

મોડાસા નગરપાલિકા દ્વારા શાકભાજીની લારીઓ જપ્ત કરતાં હોબાળો

મોડાસા, તા. ૨૦

મોડાસા શહેરમાં ઠેર ઠેર આડેધડ ઉભી રહેતી શાકભાજીની લારીઓ અને મોડાસા નગરપાલિકાના શ્રી મહાલક્ષ્મી ટાઉનહોલની આગળ ઉભા રહીને શાકભાજી-ફળફળાદીના ફેરીયાઓની લારીઓ મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત અને ટ્રાફીકને અડચણરૂપ બનતી લારીઓ જપ્ત કરી લેતા ફેરીયાઓએ હોબાળો મચાવ્યો હતો.

મોડાસા શહેરમાં ચાર રસ્તા, નવજીવનચોક, બસસ્ટેન્ડ વિસ્તાર, કલેક્ટર કચેરી માર્ગ અને મોડાસા નગરપાલિકા ટાઉનહોલ જેવી વિવિધ જગ્યાઓએ શાકભાજી, ખાણીપીણીની લારીઓ આડેધડ ફેરિયાઓ દ્વારા ઉભી રખાતી હોવાથી મોડાસા નગરપાલિકાના નવા ચીફ ઓફિસર અને સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા નગરપાલિકાના કર્મચારીઓને આવી આડેધડ પાર્ક કરેલી લારીઓ હટાવવા અને જપ્ત કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેના ભાગરૂપે આજે મોડાસા નગર પાલિકાના ટાઉનહોલ આગળ ઉભી રહેલી શાકભાજી અને ફળફળાદીની લારીઓ જપ્ત કરતાં જપ્ત કરાયેલા ફેરીયાઓએ હોબાળો મચાવ્યો હતો અને સૂમિલ સગરના જણાવ્યા અનુસાર મોડાસા નગરપાલિકા દ્વારા મોડાસા શહેરમાં આડેધડ પાર્કિંગ અને મુખ્ય માર્ગ પર લારીઓ ઉભી રહેતી હોવા છતાં જપ્ત કરાઈ નથી. નગરપાલિકાના શ્રી મહાલક્ષ્મી ટાઉનહોલના રીનોવેશનના નામે અમારી શાકભાજી અને ફળફળાદીની લારીઓ જપ્ત કરવામાં આવતા અમારા જેવી સામાન્ય માણસની રોજી-રોટી રળી આપતી લારીઓ જપ્ત કરતાં અમો નિઃસહાય હાલતમાં આવી ગયા છે. આ અંગે રજુઆત કરવા નગરપાલિકામાં જતાં કોઈ યોગ્ય સક્ષમ અધિકારી કચેરીમાં ન ફરકતાં શાકભાજીનો વહેપાર કરતા ફેરીયાઓના હાલ બેહાલ બની ગયા છે. જ્યારે નગરપાલિકાના પી.આર.ઓ. શકીલ દધાલિયાવાળાના જણાવ્યા મુજબ મોડાસા પોસ્ટ ઓફિસના પાછળના માર્ગ પર અને માલપુર રોડ પરના રોકડીયા હનુમાનજી મંદિરની બાજુમાં લારીવાળાઓને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવશે. લારીવાળાઓએ નગરપાલિકાની વૈકલ્પિક વ્યવસ્થામાં ધંધો કરીને સત્તાધીશોને સાથ સહકાર આપવો જોઈએ જેથી મોડાસા નગરપાલિકાના સ્વચ્છતા અભિયાનને વેગ મળવાની સાથે મોડાસા શહેર સુંદર અને સ્વચ્છ બને.

(તસવીર : જય અમીન, મોડાસા)

ખેડબ્રહ્મામાં બે મહિલાઓના ગળામાંથી મંગળસુત્ર અને ચેઈન ખેંચાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્માની આવકાર સોસાયટી પાસેના રસ્તા ઉપરથી પસાર થતી બે મહીલાઓના ગળામાંથી સોનાનું મંગળસુત્ર તથા ચેઈન ખેંચી બે અજાણ્યા મોટર સાયકલ સવારો રફુચક્કર થઈ જતાં શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ખેડબ્રહ્મા શહેરની પટેલ સોસાયટીમાં રહેતા નર્મદાબેન હરીભાઈ પટેલ તથા મંજુલાબેન જયંતીભાઈ પટેલ ગુરૂવારે બપોરના સુમારે શાકભાજી ખરીદી આવકાર સોસાયટી પાસેના રસ્તા ઉપરથી ઘરે જતા હતા. દરમિયાન કાળા રંગની નંબર વગરની મોટરસાયકલ પર બે બુકાનીધારી બાઈક સવાર સામેથી આવ્યા હતા અને નર્મદાબેનના ગળામાંથી ત્રણ તોલાનું રૂ. ૭૦,૦૦૦ની કિંમતનું સોનાનુ મંગળસુત્ર તથા મંજુલાબેનના ગળામાંથી રૂ. ૨૩,૦૦૦ ની સોનાની ચેન ખેંચી ભાગવા જતા બંને મહિલાઓએ મોટર સાયકલ સવારને ધક્કો મારતાં નીચે પડી ગયા હતા. પણ બંને ઉભા થઈ રૂ. ૯૩,૦૦૦ની કિંમતના સોનાના દાગીના લી પલાયન થઈ ગયા હતા.

આ અંગે નર્મદાબેન હરીભાઈ પટેલે બે અજાણ્યા બાઈક સવારો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦